MGVCL

મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા –૩૯૦૦૦૭.
CIN :U40102GJ2003SGC042907
ફેક્સ નં. (૦૨૬૫) ૨૩૨૩૩૬૩,(૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪
ફોન નં. (૦૨૬૫) ૨૩૩૦૩૫૦
ઈમેઈલ: cetech.mgvcl@gebmail.com
ઈમેઈલ: ceproj.mgvcl@gebmail.com

G20 भारत 2023 INDIA

## ❖ ઘરવપરાશ નાં વીજ જોડાણો :

## ❖ આદિજાતિ વિસ્તાર પેટા યોજના(ટી.એ.એસ.પી) :

ગ્રામ્ય વિસ્તારમાં વીજળી શકિતએ આર્થિક ઉન્નતિ માટે પાયાની જરૂરીયાત છે. તેનાથી સામાજીક પરિવર્તન આવે છે. રાજ્યના ગરીબ તેમજ બીપીએલ લાભાર્થીઓના ઉત્કર્ષ માટે ઘર વપરાશના વીજજોડાણો વીના મુલ્યે આપવા રાજ્ય સરકારશ્રી ધ્વારા આદિજાતી વિસ્તાર અંતર્ગત આદિજાતી પેટાપરા યોજના અંતર્ગત નાંણાકીય સહાય ગ્રાન્ટ રૂપે ફાળવવામાં આવે છે.

## આદિજાતિ વિસ્તારના પેટાપરાના વીજળીકરણ અંગેની રૂપરેખા :

જે અન્વયે અરજદારશ્રીઓ દ્રારા નીચે મુજબની તકેદારી રાખી અરજી કરવાની રહે છે;

૧. આદિજાતિ વિસ્તારના પેટાપરાનું વીજળીકરણ સામાન્યરીતે આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી તરફથી બહાર પાડવામાં આવેલ બુકલેટ મુજબના પેટાપરાને અગ્રતા આપી કરવામાં આવે છે.

૨. ઓછામાં ઓછા ૧૦ કે તેથી વધુ ઘરોના જુથ દ્દારા માંગણી કરેલ હોય તેવા તમામને પેટાપરા વીજળીકરણ યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૩. પેટાપરા વીજળીકરણમાં સરેરાશ ૮ થાંભલા દીઠ ઘરદિવાબત્તી/શેરી દિવાબત્તીના બે વીજજોડાણોની માંગણી હોવી જરૂરી છે.

૪. પેટાપરાના વીજળીકરણ દરમ્યાન જરૂર જણાયે ભારે દબાણની લાઇન, વીજ વિતરણ કેન્દ્ર અને હળવા દબાણની લાઇન નાંખીને વીજળીકરણ કરવાનું રહેશે. જે માટે ઓછામાં ઓછા ૨૦ ઘરોના જુથ દ્દારા માંગણી કરવાની રહેશે.

૫. પ્રત્યેક પેટાપરાના વીજળીકરણ અન્વયે થનાર ખર્ચમાં જ અરજી કરનાર તમામ લાભાર્થીઓ વતી ૩૦ મીટર સુધીની સર્વિસ લાઇન માટે નિયત ભાવપત્રક મુજબનો ખર્ચ, મેટલ મીટર બોક્ષનો ચાર્જ, રજીસ્ટ્રેશન ચાર્જ, એનર્જી ડીપોઝીટ તથા ટેસ્ટ રીપોર્ટનો ચાર્જ તેમજ એક પોઇન્ટ વાયરીંગ બોર્ડ તથા બલ્બના ખર્ચ આવરી લઇને વીજળીકરણ કરવામાં આવે છે.

૬. પેટાપરા વીજળીકરણ માટે જે વિસ્તારમાં લાભાર્થીઓ વીજજોડાણો લેવા આગળ આવતા ન હોય તેવા વિસ્તારના વીજળીકરણ માટે જે તે વિસ્તારના પ્રાયોજના અધિકારીશ્રીઓએ તેવા લાભાર્થીઓની યાદી સબંધિત કચેરીઓને પુરી પાડવાની રહે છે.